અપીલ અરજી નં.૯૩ તા.૮–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી માટલીવાલા કેતનકુમાર કુષ્ણવદન
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી માટલીવાલા કેતનકુમાર કુષ્ણવદનની આઈ ડી નં.૫૭ તા.૫–૫–૧૦ ની અરજીથી ૨૩ દર્શનપાર્ક સોસા., હોટલ મેઘાબાઈટની સામે, હનીપાર્ક રોડ,મુદ્દા નં.૧ પ્લાન મંજુર થયેલ છે કે નહી? મુદ્દા નં.૨ માર્જીનમાં કરવામાં આવેલ બાંધકામની વિગતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૮–૬–૧૦ ની **SMC/FAP/** નં.૯૩/૨૦૧૦–૧૧

શ્રી માટલીવાલા કેતનકુમાર કુષ્ણવદનની આઈ ડી નં.૫૭ તા.૫–૫–૧૦ ની અરજીથી ૨૩ દર્શનપાર્ક સોસા., હોટલ મેઘાબાઈટની સામે, હનીપાર્ક રોડ,મુદ્દા નં.૧ પ્લાન મંજુર થયેલ છે કે નહી? મુદ્દા નં.૨ માર્જીનમાં કરવામાં આવેલ બાંધકામની વિગતની માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારી અને ઝોનલચીફ રાંદેરઝોન ધ્વારા આંન.૧૩૭ તા.૧–૬–૧૦ ના મળેલા પત્ર ધ્વારા જે માહિતી આપવામાં આવેલ છે તે માહિતી સત્યથી વેગળી, અયોગ્ય અને પ્રશ્નને વિસંગત છે તેવું જણાવી એપેલેટ ઓફિસરને તા.૮–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ અંગેનો પત્ર,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૬૨ તા.૧૬–૬–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારનેઅપીલ અરજીમાં મુળ અરજીની નકલ,ફી ભર્યાની વિગત, મળેલી માહિતીની નકલ માટે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી જયારે અરજદાર તરફથી તા.૨૪–૬–૧૦ ના રોજ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં તા.૨ ૪–૬–૧૦ ના પત્રની નકલ, મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, જાહેર માહિતી અધિકારીએ આપેલ વિગત વેસ્ ટઝોન/આરટીઆઈ/ આ.નં.૧૩૭ તા.૧–૬–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૫–૫–૧૦ ની અરજીથી ૨૩, દર્શન પાર્ક સોસા., મેઘાબાઈટની સામે, હનીપાર્ક રોડ, સુરત ૧. પ્લાન મંજુર થયેલ છે કે નહી? ૨. માર્જીનમાં કરવામાં આવેલ બાંધકામનીવિગતની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/ આરટીઆઈ/આ.નં.૧૩૭ તા.૧–૬–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. મુદ્દા નં.૧ પ્લાન મંજુર થયેલ છે કે નહી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી નં.૧૩ (અડાજણ) ફા.પ્લોટ નં.૧૫૧ (નવો) ફા.પ્લોટ નં.૭૨/એ/૧ (જુનો) રે. સ. નં.૨૬૨ , ૨૫૫/૩ પૈકીમાં આવેલ દર્શનપાર્ક સોસા.ના પ્લાન નં ટીડીઓ/નં.૪૨ તા. ૧–૮–૯૫ થી મંજુર કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. જયારે મુદ્દા નં.૨ માર્જીનમાં કરવામાં આવેલ બાંધકામની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઝોન કચેરીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં માર્જીનમાં કરવામાં આવેલ બાંધકામની વિગત ઝોન કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોવાનું જણાતું નથી તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે માહિતી સત્યથી વેગળી અયોગ્ય અને પ્રશ્નને વિસંગત છે તેવું જણાવી સુસંગત માહિતી આપવા તા.૮–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં પૂરક વિગતોમાં અરજદારે મુદ્દા નં. (એ)માં સોસા.ના પ્લાનની વિગત આપવામાં આવી છે. અરજદારે પ્લાનની વિગત પ્લાન મંજુર થયેલ છે કે નહીં તેની વિગત માંગેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૧ પ્લાન મંજુર થયેલ છે કે નહી તે અંગે જાહેર માહિતી અધિકારીએ પ્લાન મંજુરીની વિગત આપેલ છે. જયારે મુદ્દા નં.(બી) માર્જીનમાં કરવામાં આવેલ બાંધકામની વિગતની માહિતી આપવાના બદલે સ્થળ તપાસ કર્યા વગર માત્ર રેકર્ડના આધારે વિગત આપવામાં આવી નથી.જે બાબતે જાહેર માહિતી અધિકારીએ દફતરી ઉપલબ્ધ માહિતી આપેલ છે. અરજદારે સ્થળ તપાસ કરીને માહિતી આપવાનો આગ્રહ આપેલ છે જે કાયદાની જોગવાઈ કલમ–૨(એફ) તથા ૨(જે) સાથે સુસંગત નથી. (સી) મકાનનું બાંધકામ જી+૨+ ૧/૨ નું બ ાંધકામ છે. (ડી)ગ્રાઉન્ડ ફલોર ૫૨ દુકાન બનાવવામાં આવી છે (ઈ) આગળનું માર્જીન કવર કરવામાં આવ્યું છે. મુદ્દા નં.(એફ) રોડ તરફના માર્જીનમાં ૪ ફુટનું પાકુ આરસીસી બાંધકામ કરવામાં આવ્યુ છે મુદ્દા નં.(જી) ઉપરોકત ગેરકાયદેસર બાંધકામ તા.૧–૧૨–૦૫ તથા તા.૧–૧૨–૦૬ દરમ્યાન શહેર વિકાસ ખાતાના અધિકારી રસીક ટેલરના ફરજ દરમ્યાન રહેમ નજર હેઠળ કરવામાં આવ્યું છે. આમ અરજદારે મુદ્દા નં.સી થી જી અપીલ તબકકે મુળ અરજીથી ફરીયાદને લગતા અલાયદા પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૨ ની દફતરે માહિતી નહીં હોવાનું જણાવેલ છે અને જોગવાઈ અનુસાર દફતરી માહિતી આપવાની રહે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૫–૧૦ અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોય માહિતી અંગે કોઈ વિશેષ કરવાનો હુકમ કરવાનો રહેતો નથી. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો સંદર્ભ હેઠળના દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ (૨) હેઠળ નિયત ફી ભરપાઈ કરવાની રીતે હુકમ મળ્યા તારીખથી દિન–૭ માં જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કરવા સ્વતંત્ર છે. અરજદાર તરફથી તેવી માંગણી થયે હુકમ અનુસાર અમલવારી કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે. અરજદારે અપીલ તબકકે પૂરક વિગતોમાં ઉપસ્થિત કરેલ મુદ્દા નં.સી થી જી સુધી અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પ્રશ્નો અંગે સક્ષમ સત્તાને રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન) .. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી માટલીવાલા કેતનકુમાર કુષ્ણવદન,